મૂળ સાંયરાનાં હાલ નાંદેડ વસતા શ્રીમતી મધુકાન્તા (ઉ.વ.૬૯) તથા શ્રી લહેરચંદભાઈ નેણશી લોડાયા (ઉ.વ.૭૨) દંપતિએ કાયમ માટે પોતાનું શેષ જીવન વ્યતિત કરવાના મક્કમ નિર્ણય સાથે ૨૦ દિવસ અગાઉ આવ્યા છે. ઘરનાં તમામ સામાન-ફર્નીચરમાં કબાટો, ફ્રીઝ, ટીવી, સોફાસેટ, ગેસ સીલીંડર, વોશિંગ મશીન, ટેબલ-ખુરશીઓ, ડાયનીંગ સેટ-ક્રોકરી તથા રસોડાની દરેક ચીજો અનાજ કરીયાણા સહિત ટ્રક ભરેલો સામાન સંસ્થાને અર્પણ કરેલ છે.

ધન્ય છે આ દંપતિને જેમણે સંસ્થા ઉપર વિશ્વાસ મૂકીને આવું મહત્વનું અનુદાન કરેલ છે. ઉપરાંત પોતાના અત્રેના વસવાટ માટે પ્રત્યેકના રૂા.૧ લાખ અલગથી ભરેલ છે. નુતન બાંધકામમાં પણ એક રૂમ માટે ફાળો આપવાની ઈચ્છા જાહેર કરેલ છે.

આ દંપતિ ધર્મપ્રિય-શિસ્તબધ્ધ અને મળતાવડા સ્વભાવના છે. થોડા દિવસોમાં જીવનસંધ્યામાં સહ રહેવાસીઓને પ્રિય થયા છે. શ્રીમતિ મધુકાન્તાબેને બે વરસીતપ, ૧ અઠાઈ, સમવસરણ તપ અક્ષયનિધિ, વીસ સ્થાનકતપ તથા ૪૦ આયંબિલ ઓળી કરેલ છે. છેલ્લાં બે વર્ષથી બન્નેનાં બ્યાસણા ચાલુ છે. આ અગાઉ આઠ વર્ષ બન્નેનાં એકાસણા ચાલુ હતા. મધુકાંતાબેન એક લેખિકા છે. હાલમાં જ તેમનું સંપૂર્ણ "જૈન દર્શનનો સાર" ૪૨૬ પાનાનું ૧૨ અધ્યાય સાથેનું પુસ્તક પ્રગટ થયેલ. આશ્રમ તેમનું પોતાનું ઘર છે. એવી ભાવનાથી સારી રીતે સાચવીને રહેશે અને એને સૌના સાથ સહકારથી વધુ મજબૂત બનાવશે. પ્રભુ એમને લાંબુ અને તદુરુસ્તીભર્યું જીવન બક્ષે એજ અંતઃકરણની પ્રાર્થના. — *- હરીશ મુનવર (ગદગ)*

⌘ OM HOLIDAYS ⌘
CONTACT FOR :
Tailor made Tour package for following locations at *Gods Own Country*
**Munnar, Thekkady, Alleppey, Kumarakom (Houseboat) Vythiri, Coorg Etc...**
**Honeymoon Package with Candle Light Dinner, Flower Deco. in Bedroom Etc...**
Abhay Shah
Mob: 098465 31013
abhay3113@gmail.com

# ભાવભરી શ્રધ્ધાંજલિ

જન્મ
૧૦-૮-૧૯૫૮



અરીહંતશરણ
૨૩-૧-૧૨

## અ.સૌ. વિણા રમેશ હેફા (શાહ) (સુથરી–મલકાપુર)

મરણ એ એક નિયત પ્રક્રિયા છે એ જાણવા છતાં પણ આપની અકાળે વિદાય વસમી લાગે છે. જીંદગી જીવી જાણી ગયા ને મૃત્યુને પણ જીતી ગયા.. રહેવાને સદા દુનિયામાં કોઈ આવતું નથી છતાં વિદાય તમારી હજુ મન સ્વીકારતું નથી.. અસ્તિત્વનું રોમરોમ હજુયે અનુભવે છે આપની હયાતીની હુંફનો હુંફાળો સ્પર્શ...

હૈયામાં વિચારોની વેદના સાથે આપીએ છીએ શ્રધ્ધાંજલિ...

તમારો આત્મા જયાં પણ હોય, ત્યાં પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના..

### આપને હરહંમેશ યાદ કરનારા સ્વજનો...

| | | |
|---|---|---|
| સાસુ-સસરા | : | **ગં.સ્વ. માતુશ્રી રતનબાઈ પદમશી ખેતશી હેફા** (શાહ) (સુથરી-થાણા) |
| માતા-પિતા | : | **માતુશ્રી દેવકાબાઈ હેમરાજ પુંજાભાઈ લોડાયા** (સુથરી-મલકાપુર) |
| પતિ | : | **રમેશ પદમશી હેફા** (શાહ) (મલકાપુર) |
| જેઠ-જેઠાણી | : | **સૌ. જ્યોતિ વસંત પદમશી હેફા** (શાહ), (થાણા) |
| નણંદ-નણંદોઈ | : | **સૌ. કલાવતી દામજી પદમશી મોમાયા** (વરાડીયા) |
| ભાઈ-ભાભી | : | **સ્વ.સૌ. ચંદાબેન સુનિલ લોડાયા** (મલકાપુર) |
| | | **સૌ. સ્મિતા હર્ષદ લોડાયા** (મલકાપુર) |
| | | **સૌ. જ્યોતિ દિનેશ લોડાયા** (મલકાપુર) |
| બહેન | : | **સૌ. સીમા રાજેંદ્ર લક્ષ્મીકાંત મોમાયા** (સાંયરા-ધુલિયા) |

તથા **શ્રી ક.દ.ઓ. જૈન સંઘ–મલકાપુર**

**શ્રધ્ધાંજલિ – કચ્છરત્ન શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર, મલકાપુર (વરાડીયા)**

# પ્રથમ પુણ્યતિથીએ શ્રધ્ધાસુમન

જન્મ
૨૦-૭-૧૯૪૫



વસમી વિદાય
૭-૨-૨૦૧૧

## સ્વ. અ.સૌ. નવલબેન રાયચંદ કુંવરજી મોમાયા
## (સાંયરા-મુલુન્ડ)

ભુલ્યા નથી, ભુલીશું નહીં તમને, ભુલી જવાય જગ ભલે, તમે ભુલાશો નહી.
કુરૂણાં ભીની જેમની આંખો હતી, વાત્સલ્યસભર જેમનું હૃદય હતું.
પ્રેમાળ જેમનું સ્મિત હતું. આશીષ જેમનાં શબ્દ હતા.
મમતા જેમનું મંદિર હતું. ધર્મ અને કર્મ જેમનું કર્તવ્ય હતું.
પરિવાર જેમને પ્રિય હતું. સ્નેહ જેમની સખી હતી.
સહુના દિલમાં જેમનું સ્થાન હતું એવા પાવનકારી આત્માને પરમ કૃપાળુ
પરમાત્મા પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

**આપની અમર સ્મૃતિમાં...**

| | | |
|---|---|---|
| પતિ | : | **રાયચંદ કુંવરજી મોમાયા** |
| સાસુ-સસરા | : | **સ્વ. લાખબાઈ કુંવરજી મુરજી મોમાયા** |
| પુત્ર-પુત્રવધુ | : | **સૌ. મૃણાલ નિલેશ મોમાયા** |
| પુત્રી-જમાઈ | : | **સૌ. સીમા અવિનાશ ભાવસાર** (ધુલીયા) |
| | | **સૌ. લીના દીપક વેદ** (મુલુન્ડ) |
| પૌત્રી | : | **આકાંક્ષા નિલેશ મોમાયા** |
| દોહિત્ર-દોહિત્રી | : | **દિપસ્વી અને મિહીર** |
| નણંદ | : | **સ્વ.ચંદનબેન ભવાનજી નાગડા ● ગં.સ્વ. પુરબાઈ મેઘજી સાંયા** |
| | | **સ્વ. હીરબાઈ દેવચંદ લોડાયા ● સૌ. લક્ષ્મી સુર્યકાંત ધુલ્લા** |
| માતા-પિતા | : | **સ્વ. લાખબાઈ કુંવરજી ભીમશી લોડાયા** |
| ભાઈ-ભાભી | : | **ગં.સ્વ. દમયંતી રતનશી લોડાયા ● સૌ. હેમલતા વિસનજી લોડાયા** |
| | | **સૌ. ભારતી તિલકચંદ લોડાયા** |
| બેન-બનેવી | : | **સૌ. સરલા જયચંદ લાપસીયા** |

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**



## ચિ. મોહિત અમીત શિયાડ

મોહિત અમીત શિયાડ (જખૌ-ઘાટકોપર) એ માત્ર ૬ વર્ષની નાની વયે મોટું સાહસ કરી છઠ્ઠ તપ સાથે શેત્રુંજયની સાતયાત્રા નિર્વિઘ્ને પુર્ણ કરી છે. અનુમોદના. તેણે મહારાષ્ટ્ર કરાટે કીક બોક્સીંગ ચેમ્પીયનશીપ-૧૧માં સીલ્વર મેડલ મેળવેલ છે. હાર્દિક અભિનંદન.

## જય જેસલ ધરમશી ધાર્મિક પરિક્ષામાં ઉત્તીર્ણ



ચિ. જય (ઉ.વ.૭) (ગોએરસમા-મુલુન્ડ) આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા લેવાયેલ બે પ્રતિક્રમણ સુત્ર કંઠસ્થ અભિયાન પરીક્ષામાં ઉચ્ચ શ્રેણીમાં ઉત્તિર્ણ થયેલ છે. તે અચલગચ્છ જૈન સંઘ મુલુન્ડની વામા માતા પાઠશાળા (ખોના નિવાસ) માં ધાર્મિક શિક્ષાણ લે છે. હાર્દિક અભિનંદન.

## KuDos Phtography Contest-2011

KuDo exclusive KDO online Social Network (www all kdo_ning.com) successfully conducted KuDos photography contest 2011 on its website 45 KDO members participited 127 entries were received and 101 were selected for contest. Best Photography award 1st place shared between Mr. Rohan Madhukar Bhate (Karad) & Mr. Harsh Hiten Mepani (Navi Mumbai). Mr. Rohan Madhukar Bhate (Khona) was also awarded KuDos viewers choice award for most likes. To view all the entries of the contest visit @ http//allkdo_ning.com/photo/albums/KPC-2011

## અંકલેશ્વરમાં પંચાન્હિકા મહોત્સવ

તા.૯ થી તા.૧૦-૦૧-૨૦૧૨ સાથે અચલગચ્છ જૈન સંઘ-અંકલેશ્વરના ઉપક્રમે જિનાલયના અવસરે પંચાન્હિકા મહોત્સવ ખુબ ધામધુમથી ઉજવાયું.

મહોત્સવની પત્રિકાછપાઈ તથા પત્રિકાને કંકુ છાટવા કરવાનો લાભ નવિનચંદ્ર લક્ષ્મીચંદ લોડાયા પરિવારે લીધેલ. માંડવારોપણ, તોરણબંધન, દેરાસર શુધ્ધી ઉપકરણ શુધ્ધિના કાર્યક્રમ થયા. મહોત્સવ દરમ્યાન દાતા પરિવારો તરફથી અનુષ્ઠાનો, પૂજનો તેમજ સાધર્મિક ભક્તિ ઉછળતા હૈયે કરવામાં આવી કુમારપાળ મહારાજાની મહાઆરતીનો ચડાવો સંઘના પ્રમુખ શ્રી જીતેન્દ્ર દેવજી મોતા પરિવાર (તેરા) રૂ.૧,૧૧,૧૧૧માં અને ઉદાયનમંત્રીનોચડાવો શ્રી હીતેશ શશીકાંત લોડાયાએ લીધેલ આ પ્રસંગે અંકલેશ્વર ભવ્ય વરઘોડો તથા મહાઆરતીનો કાર્યક્રમ થયો.

રથયાત્રામાં પ્રભુજીને રથમાં લઈ બેસવાનો લાભ શ્રી કાનજી વીરજી લોડાયા પરિવાર, સારથીનો તેમજ લુણગરીનો લાભ શ્રી હરખચંદ ખીમજી ગડા પરિવાર પ્રભુજીને પોખવાનો લાભ શ્રી શામજી કેશવજી દંડ પરિવારે લીધેલ.

જિનાલયની રજત ધ્વજારોહણના લાભની ઉમંગે ઉછામણી થઈ. ૫૧,૦૫૧ મણમાં માતુશ્રી તારાબાઈ વલ્લભજી ગડા હ. ઉપેન્દ્રભાઈ પરિવારે રજત ધ્વજારોહણનો લાભ લીધો. તા.૯-૧-૧૨ના બપોરે રજતધ્વજાનું બહુમાન અને વંદનાવલીના કાર્યક્રમ બાદ વાજતે ગાજતે ભાગ્યશાળી પરિવારના ઘરે ધ્વજા પધરાવવામાં આવી. તા.૧૦-૧-૧૨ના સવારે શુભ મુહુર્તે દબદબાપૂર્વક ધ્વજા પાછી જિનાલયે લાવવામાં આવી ત્યારબાદ સત્તરભેદી પુજા પૂર્ણ થયા. બાદ ૧૨.૩૯ મિનિટે શિખરે ધ્વજારોહણ કરવામાં આવેલ. પ્રભાવિક મંત્રો, શ્લોકોનો પાઠ, માંગલિક સ્તોત્રો, શરણાઈના સુર, ઢોલના પડઘમ અને સંગીતની સુરાવલીઓ, પુષ્પવૃષ્ટી, અબીલ ગુલાલના છાંટણાનાં સથવારે સૌ ધર્મભક્તિના મહોલમાં આનંદના અવસરમાં ભીંજાયા. આવી અપૂર્વ ભક્તિના માહોલની વચ્ચે શાંતિસ્નાત્ર પૂજન પૂર્ણ થયા.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

બાદ સંધ્યાભક્તિના સમયે અલૌકિક દાદાના છત્ર ઝૂમવાં લાગ્યા. જેના દર્શનનો લાભ શ્રી સકલ સંઘે લીધેલ અને અહોભાવથી દાદાના ચરણે મસ્તક ઝુકાવીને ધન્ય બન્યા. દાદાને ભાવપુર્વક સલામી આપવામાં આવી. આમ અદ્‌ભૂત, અપૂર્વ અને આલ્હાદક રીતે જીવનના સભારણા રૂપે રજત ધ્વજારોહણ મહોત્સવ સંપન્ન થયો.

મહોત્સ્વ દરમ્યાન વરાડીયા મિત્ર મંડળ અને શ્રી હંસકુમાર મૈશરીના સથવારે મહાકાળીમાંની ભાવના ભણાવવામાં આવી. શ્રી ઉત્તમ દેવતારા વિવિધલક્ષી હોલની સુંદર સજાવટ માટે અલૌકિક યુવાગ્રુપની કલા દાદ માગે તેવી રહી. મહોત્સવને સફળ મનાવવા સંઘના તમામ ભાઈ બહેનોનો તન-મન-ધનથી સાથ સહકાર રહ્યો. સંઘ તરફથી ઘરદીઠ દાદાનો લેમીનેશન ફોટો તેમજ લાડવાની પ્રભાવના થઈ. મણિબેન મધુકાંત મોમાયા પરીવાર તરફથી સંભારણારૂપ બેગની પ્રભાવના થઈ.

તા.૧૪-૧-૧૨ના શ્રી માણેકજી દામજી મોમાયાના આત્મશ્રેયાર્થે શત્રુંજય તીર્થની ભાવયાત્રા તેમજ સાધર્મિક ભક્તિનું આયોજન થયું સાથે પુ. યશોદયશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ ને ચોમાસા તેમજ મહોત્સવની અવિસ્મરણીય યાદી સાથેનો વંદનાવલીનો કાર્યક્રમ થયો. પૂ. સાધ્વી ભગવંતો તા.૧૫-૦૧-૧૨ના સંઘની ભાવભીની વિદાય લઈ પાલીતાણા તરફ વિહાર કરેલ.

## હુબલીના નવયુવાનોનું નવું સાહસ

કચ્છી હાઉસ, જય ચામરાજ નગર-હુબલીમાં "નવ તારા ગ્રુપ" દ્વારા RASOIના નામે એરકંડીશન્ડ ફેમીલી રેસ્ટોરેન્ટનું હુબલી મહાજનનાં પ્રમુખ શ્રી ભરતભાઈ ખીમજીના વરદહસ્તે તા.૧-૧૨-૧૧ના ઉદ્‌ઘાટન થયેલ. આ પ્રસંગે મહાજનશ્રીના અન્ય ટ્રસ્ટીઓ તેમજ બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી શુભેચ્છા વ્યક્ત કરેલ. રસોઈમાં દરરોજ સ્વાદિષ્ટ વ્યંજનો સાથે ગુજરાતી રાજસ્થાની તથા જૈન થાળીનો પણ સમાવેશ છે. રેસ્ટોરેન્ટનું કામકાજ પુરજોશનાં ચાલુ છે. રેલ્વે સ્ટેશનથી ફક્ત પાંચ મિનિટનાં અંતરે આવેલ છે. ઓર્ડર મુજબ પ્લેટફોર્મ ઉપર પણ ટીફીન પહોંચાડવાની વ્યવસ્થા રાખેલ છે. સંપર્ક : રસોઈ (૦૮૩૬) ૪૨૫૦૦૦૯. યુવાઓના આ સાહસને પ્રકાશ-સમીક્ષા પરિવાર હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

## "કુટુંબ કમાલ ત જિંદગી ધમાલ"

શ્રી કચ્છી મહિલા હિતવર્ધક મંડળ-હુબલી દ્વારા શ્રી વસંતભાઈ મારૂ નિર્મિત કચ્છી નાટીકાનું આયોજન તા.૨૬-૧-૧૨ સાંજે ૬ વાગે શા. નારાણજી કાનજી સભાગૃહમાં રાખવામાં આવેલ છે. ચૌવિહાર તથા અલ્પાહારની વ્યવસ્થા હતી.

## મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-જલગામ

મહિલા મંચની બેઠક નવકારમંત્રથી શરૂ થઈ. જેમાં મલકાપુરમાં થયેલ પ્રવૃત્તીઓ અને ગુપ્ત એકાસણા કરાવવા વિષે માહિતી અપાઈ. જે માટે સૌ તૈયાર થયા. સમેતશિખરજીની હોલમાં યાત્રા કરનાર બહેનોનું બહુમાન કરવામાં આવ્યું. યાત્રિકો તરફથી મંડળને રોકડ ભેટ અપાઈ. આ બેઠક સૌ. શૈલાબેન લોડાયાને ઘરે રાખવામાં આવેલ. બહેનોને ગરમ વાનગીઓ શીખવાડવામાં આવી. સૌ. જયાબેન મોમાયાએ દાળીયાની ખસ્તા સાંજોરી અને ભાવના લોડાયાએ હલવાસન તથા પકવાનનું ડેમોસ્ટ્રેશન આપ્યું. વર્ષ ૨૦૧૨માં નવી કમિટી મંચનું કાર્યભાર સંભાળશે એ વિષે અધ્યક્ષા સૌ. શૈલા લોડાયા અને ઉપાધ્યક્ષા સૌ. જયાબેન મોમાયાએ જાહેરાત કરી. અન્ય પદાધિકારીઓ સૌ. ભાવના લોડાયા, દક્ષા મોમાયા અને ખજાનચી સૌ. કુસુમતીબેન ખોનાએ સમર્થન આપેલ. નવી કમિટીની ચુંટણીનાં અધ્યક્ષા સૌ. મોહિની લોડાયા, ઉપાધ્યક્ષા સૌ. ભારતી શાહ, સેક્રેટરી સૌ. તૃપ્તિ નાગડા, સહમંત્રી દિવ્યા લોડાયા અને ખજાનચી સૌ. લતિકા મૈશેરીની નિમણુંક કરવામાં આવી. વાનગીઓના ડેમો બાદ અલ્પાહાર લઈ કાર્યક્રમનો આનંદ માણી સૌ છુટા પડ્યા. જીવદયાની ભેગી થયેલ રકમમાંથી રૂા.૫૦૧/- ચાલીસગામ અન્નદાન ભોજનાર્થે તેમજ રૂા.૧,૦૦૧/- અમલનેર જાનવરોનાં આશ્રમ મોકલવા નક્કી થયું.

## સાંચરા વિકાસ મંડળ દ્વારા સ્નેહમિલન

મંડળના ઉપક્રમે તા.૨૨-૧-૧૨ના સાંજે ઘાટકોપરમાં ભુરીબેન ગોળવાળા ઓડીટોરીયમમાં સાંચરાવાસીઓનું ૧૫મું વાર્ષિક સ્નેહમિલન સમારોહ, મહાજનશ્રીની અને મંડળની સામાન્ય સભા યોજાયેલ. જેમાં સાંચરાવાસીઓ, નિયાણી બહેનો તથા આમંત્રિતોએ સારી હાજરી નોંધાવેલ.

પ્રારંભે પુ.સા.શ્રી અનંતયશાશ્રીજી અને અપુર્વયશાશ્રીજી મ.સા.એ માંગલિક અને આશિર્વચન આપેલ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in
॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
TAN MAN 25th 1985 2010 SILVER JUBILEE YEAR
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE★★★ SHIKHARJI™
Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

સમારોહના અતિથીવિશેષ મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદા પધારેલ. રજીસ્ટ્રેશન અને ચા નાસ્તા બાદ સાંયરા સહિયરની બહેનોનું મેમ્બરશીપ અભિયાન, દિવસના રૂા.૨ લેખે વર્ષના રૂા.૭૩૦નું સાંયરા દેરાસરના સર્વસાધારણ ખાતા માટે યોગદાન, સાંયરાવાસીઓના સરનામા ફોન નં. ઇમેઇલની નોંધ વગેરે કાઉન્ટરપર લેવાયેલ. ૫ વાગે દિપ પ્રાગટ્ય કરી શેઠ નરશી નાથાની છબીને હારારોપણ અને નવકાર મંત્રપઠન બાદ સાંયરા પ્રવૃતિઓને બિરદાવતા પ્રમુખશ્રી મધુકરભાઈ શાહે સૌને આવકારેલ.

ગામનાં સ્નાતક તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓનું સન્માન થયેલ. ઉદ્યોગરત્ન એવોર્ડ વિજેતા શ્રી ભદ્રેશ પટેલ અને નારીરત્ન એવાર્ડ વિજેતા શ્રીમતી છાયા મોમાયાનું બહુમાન કરવામાં આવેલ. માનદમંત્રી શ્રી હિરાચંદ શાહે મંડળના ૧૫ વર્ષની વિકાસલક્ષી પ્રવૃત્તિઓનો અહેવાલ રજુ કરેલ.

મંડળ હેઠળ ૧૫ વર્ષ સામાજિક યાત્રાને ભાવવિભોર પણે વર્ણવી પ્રમુખપદેથી રજા લેતાં મધુકરભાઈએ અનુગામી તરીકે યુવા શ્રી ભદ્રેશ પટેલની વરણી કરી તેમને મંડળના ઉપક્રમે ગામવિકાસનાં કાર્યો માટે શુભેચ્છા આપેલ.

પ્રમુખ શ્રી મધુકરભાઈના નેતૃત્વમાં થયેલ સુંદર પ્રગતિ અને ગામવિકાસ માટે જાગૃતિ બદલ શ્રોતાજનોએ તાળીઓથી વધાવેલ. વિદાય લેતા પ્રમુખશ્રી સામાજિક કારકીર્દી સ્લાઇડ શૉ દ્વારા રાજુલ પટેલે રનીંગ કોમેન્ટરી દ્વારા વર્ણવેલ. જે દર્શાવવામાં આવી.

સાંયરા વિકાસ મંડળની બાગદોર ભદ્રેશભાઈના નેતૃત્વમાં સાંયરા યુથ ફોરમ તથા સાંયરા સહિયરના સભ્યોને સોંપેલ. ભદ્રેશભાઈએ પોતાની ટીમ જાહેર કરી મંચપર આમંત્રી મુંબઈ મહાજનના પ્રમુખશ્રી નયન ભેદા દ્વારા શપથવિધી અને પદગ્રહણ કરાવેલ.

સ્નેહમિલનના દાતાશ્રીઓનો આભાર માની પુષ્પગુચ્છથી સન્માનીત કરાયા. અંતે શ્રીમતી આશા ભીમાણી અને પાર્ટીની ઓકેસ્ટ્રા દ્વારા મનોરંજન કાર્યક્રમ રજૂ થયેલ.

હાઉઝી ગેમના વિજેતાઓને દાતા શ્રીમતી ચેતનાબેન બિપીન મોમાયા તરફથી ઇનામ અપાયા. પુરસ્કાર દાતાનો બહુમાન કરાયું. આ પ્રસંગે સ્વામિવાત્સલ્યનો લાભ માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવારે લીધેલ. કાર્યક્રમ સુત્ર સંચાલન કુ. પોલોમી ભદ્રેશ પટેલ તથા મૃણાલ ખોનાએ કરેલ. મંડળ તરફથી તેમનું બહુમાન કરાયું.

## નલિનપુર નારી નિગમ

નિગમ તરફથી તા.૭-૨-૧૨ના શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવપુંજ)માં બપોરે ૨ વાગે કાર્યક્રમ યોજ્યો છે. જેનાં શ્રીમતી અનુરાધા પાટીલ સુજોગ થેરેપી વિષે માહીતી અને માર્ગદર્શન આપશે. તદઉપરાંત શ્રીમતી માલીની નાગડા વિવિધ પ્રકારની સેન્ડવીચનો ડેમો આપશે.

નિગમ દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ બનાવાની હરિફાઈ યોજવામાં આવી છે, તે માટેની જરૂરી સાધન સામગ્રી હરીફે લાવવાની રહેશે. હરીફાઈમાં ભાગ લેવા ઇચ્છુકોએ નામો નોંધાવવા જણાવાયું છે.

માર્ચમાં વિશ્વનારી દિન ઉજવવામાં આવશે. તેમાં નિગમની બહેનો કોઈ વ્યવસાય, ધંધો કે પ્રોફેશન કરતા હોય તેમનું સન્માન કરવામાં આવશે. બહેનોએ પોતાના નામ, વ્યસાયની માહિતી સંસ્થાને લખી મોકલવા જણાવાયું છે.

## મુંબઈ મહાજનશ્રી દ્વારા NRI સાથે મીટીંગ

મહાજનશ્રીની એજ્યુસ્પાર્ક શિક્ષણ સમિતિનાં કન્વીનર શ્રી હેમાંગ ધરમશીના સનિષ્ઠ પ્રયાસોથી તા.૧૪-૧-૧૨ના સાંજે ૭ થી ૧૦ દરમ્યાન અમેરીકાના વિવિધ શહેરોમાંથી પધારેલ ૨૨ જ્ઞાતિ સભ્યો સાથે બેઠક થઈ. જેમાં મુંબઈ મહાજન તથા અનંતનાથ ટ્રસ્ટની વિવિધ પ્રવૃતિઓનો ચીતાર પ્રમુખ શ્રી નયન ભેદાએ આપેલ. એ પૂર્વે માનદમંત્રી રાજુલ પટેલે સૌને આવકાર્યા હતાં, તથા શ્રી હેમાંગ ધરમશી તથા તેમની ટીમે એજ્યુકેશન ઉપર પાવર પ્રોજેક્ટ બતાડી હાલમાં એજ્યુકેશન માટે અપાતી સ્ટુડન્ટસ લોનની વિગતવાર માહિતી રજુ કરેલ. અનંતનાથ ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીગણ તથા એજ્યુ. સમિતિના સર્વે મેમ્બરોએ પરિચય આપેલ. અમેરીકાથી પધારેલ સર્વે જ્ઞાતિજનોએ પોતાની ઓળખ આપેલ.

શ્રી નયનભાઈએ વર્ષ દરમ્યાન થયેલ વિવિધ કાર્યક્રમોની વિગતવાર માહિતી સાથે દરેકને કે.ડી.ઓ. વર્લ્ડબુક આપી હતી. મહાજન/ટ્રસ્ટની કામગીરીથી સર્વે પ્રભાવતિ થયા હતાં. ભારતથી અમેરીકા આવતાં જ્ઞાતિવિદ્યાર્થીને દરેક પ્રકારની સગવડતાં મળી રહે તે માટેની બાંહેધરી આપતા ત્યાં વસતા જ્ઞાતિજનો એક સમિતિ તૈયાર કરી આ કાર્યને સાકાર કરશે. પર્યુષણ બાદ અમેરીકામાં વસતા જ્ઞાતિજનોના સ્નેહમિલનમાં મુંબઈ મહાજન વતીથી પ્રમુખ શ્રી નયન

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

ભેદા તથા અન્ય મેમ્બરો સ્નેહમિલનમાં પધારશે તેવું જણાવ્યું હતું. ફ્લોરીડા (USA) સ્થિત શ્રીમતી લીલાવંતી મણીકાંત ધરમશી લોડાયા-અજાણી (કોઠારા) સીલ્વર ડોનર તરીકે જોડાયા હતા. (જેઓ ઉપપ્રમુખ શ્રી સંજય અજાણીનાં સંબંધી થાય.) હેમાંગભાઈના સંનિષ્ઠ પ્રયત્નોને સહુએ આવકાર્યા હતાં. સૌ પ્રિતી ભોજન લઈ છુટ્ટા પડ્યા હતા.

### ઘરબેઠાં જૈન ધર્મનો અભ્યાસ

સંસ્થાએ ઘરબેઠાં જૈન ધર્મનાં અભ્યાસની સુવિધા શરૂ કરી છે. તેમાં કોઈપણ જૈન અને જૈનેતર ગચ્છ-સંપ્રદાયના ભેદભાવ વિના જોડાઈ શકે છે. કુલ ત્રણ વર્ષનો કોર્સ છે. દર છ મહિને ફેબ્રુઆરી અને જુલાઈમાં લેખીત પરિક્ષા લેવામં આવે છે. પ્રશ્નોના જવાબ હિન્દી, ગુજરાતી અને અંગ્રેજીમાંથી કોઈ પણ ભાષામાં આપી શકાશે. અભ્યાસ માટેનું પુસ્તક હિન્દી ભાષામાં હશે. આ પુસ્તકની મૂળ કિંમત રૂ.૨૫૦/- છે જે દરેકનેમાત્ર રૂ.૨૦૦/- માં મળશે. મુંબઈમાં ઠેર ઠેર એના કેન્દ્રો ખોલવામાં આવશે. એ કેન્દ્રોમાં પરિક્ષા લેવામાં આવશે. ૩ કલાકની પરિક્ષા રહેશે. એકજ પેપર હશે. એ માટેના અરજીપત્રક અને પુસ્તકો નીચેના સ્થળોથી પ્રાપ્ત થશે. શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ, ગ્રીસ હૉઊસ, ઝકરીયાબંદર રોડ, સ્કોડા સર્વીસ સેન્ટરની બાજુમાં,શિવડી (વે), મુંબઈ-૪૦૦૦૧૫, સંપર્ક બપોરે ૧૨ થી ૫ સુધી અજય શાહ-૯૮૯૨૩૭૨૭૭.

આ પરિક્ષા પાસ થવાથી સર્ટીફીકેટ અને ડીગ્રી મળશે. પુસ્તકનું નામ "જૈન ધર્મ દર્શન" ભાગ-૧ (પહેલા વર્ષ માટે) કાર્યાલય આદિનાથ જૈન ટ્રસ્ટ, ૨૧ વી.વી. કોઈલ સ્ટ્રીટ, ચુલૈ, ચેન્નઈ-૬૦૦૧૧૨.

### મુંબઈ મહાજનશ્રી યોજીત વ્યાપારમેળો

મુંબઈ મહાજનશ્રી દ્વારા સતત બીજા વર્ષે મુંબઈમાં જ્ઞાતિજનો માટે વેપાર ધંધા-વ્યવસાય અને હુન્નર ઉદ્યોગને વિકસાવવાની ભાવના સાથે ઉપયોગી મંચ આપતું ટ્રેડ-ફેર-૧૨ તા.૨૨-૧-૧૨નાં મુલુન્ડમાં વિશાળ મેદાનમાં ભરવામાં આવેલ. કુલ ૯૦ સ્ટોલ્સ હતા. શુભેચ્છા દાતાઓના ૮૦ બેનર્સ મળેલ. માતુશ્રી શ્રી કુંવરબાઈ ગૃહઉદ્યોગનું વેંચાણ રૂા.૫૦ હજારથી વધુ રહ્યું. મ્યુઝીકલ હાઉસી અને કીડસ્ ગેમ ઝોન એ બાળકો અને સૌનું વિશેષ આકર્ષણ રહ્યું. જેના સ્પોન્સરર નેપ્ચ્યુન ગ્રુપ અને ત્રિદેવ કન્સ્ટ્રક્શન તરફ શ્રી દિપક ગોસર હતા. ૧૫ હજારથી વધુ જનતાએ આ મેળાની મુલાકાત લીધી.

શેટ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે ગોઠવાયેલ રક્તદાન શિબિરમાં ૧૩૦ બોટલ રક્ત એકત્ર થયેલ.

### મુંબઈ મહાજનશ્રી દ્વારા KDO WORLD બુક

મહાજનશ્રીના દ્વારા મહાજનશ્રીની પ્રવૃતિઓ-આયોજનોના અહેવાલ આપતું "શિરોમણી" નવા રૂપ રંગ સાથે KDO WORLD નાનામે પ્રકાશીત કરવામાં આવેલ અને યંગતરંગ પ્રસંગે વિમોચન કરી જ્ઞાતજિનોને વિતરીત કરાયેલ. આ બુકમાં મહાજનશ્રીની વિવિધ પ્રવૃતિઓ, માહિતી અને ઉપયોગી સાહિત્ય સંકલિત કરાશે અને દર ૩-૪ મહિને બહાર પાડી સૌને અવગત કરાશે. સુંદર પ્રિન્ટીંગ-ડીઝાઈનીંગ અને આકર્ષક રુપ રંગ દ્રારા સારી ક્વોલીટીના પેપર પર ગુજરાતી અંગ્રેજી બને ભાષા સાથે વિવિધતા સહ આંતરરાષ્ટ્રીય કક્ષાનું માધ્યમ બની રહેશે. જે માટે ઉત્તમ પ્રતિસાદ મળી રહ્યો છે. એ માટે જાહેરાત આદિ માટે સંપર્ક શ્રી ચેતન મોતા-૯૩૨૨૨૮૨૯૯૩

### મુંબઈ મહાજનશ્રીની વ્ય. સમિતિની બેઠક

મુંબઈ મહાજનશ્રીની વ્ય. સમિતિની બેઠક તા.૧૮-૧-૧૨ના સાંજે કાર્યાલયે મળેલ. જેમાં ૩૯ જણાં હાજર રહ્યા હતા. નવકાર પઠન અને દીપપ્રાકટ્ય બાદ મીટીંગમાં નવા નીમાયેલ પાંચ સભ્યોને તાળીઓથી વધાવવામાં આવ્યા. માતુશ્રી કુંવરબાઈ નરશીનાથા ગૃહઉદ્યોગ ટ્રસ્ટમાં ખાલી થયેલ બેઠક પર શ્રી ટોમેશ કાંતિલાલ નાગડાની નિમણુંક કરવામાં આવી. આંતરજ્ઞાતિય લગ્નોની આવેલ અરજીઓ તપાસીને તેમનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવેલ. વિવિધ સમિતિઓએ થયેલ કાર્યક્રમોના અહેવાલ રજુ કરેલ.

મહાજનશ્રી દ્વારા સાધર્મિક સહાય સમિતિનું ગઠન કરાયેલ જેમાં કન્વીનર શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા તથા સભ્યો શ્રી રાજેશ રાયચંદ છેડા, કિરીટ કુંવરજી છેડા, કવિતા કલ્પેશ ધરમશી, દિપ્તી ધરમશીની નિમણુંક કરાઈ.



### શ્રી મિતેશ મધુકાન્ત ધરમશી

શ્રી મિતેશ ધરમશી (કોઠારા-ગાંધીધામ)ની ગાંધીધામના પ્રમુખપદે તેમજ શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ-ગાંધીધામના ઉપપ્રમુખ પદે નિયુક્ત થઈ છે. હાર્દિક અભિનંદન!

### મા. મોંઘીમાં નાગશી દેવાણી કન્યા છાત્રાલય

જામનગર કન્યાછાત્રાલયની છાત્રાઓ તા.૧૩ થી ૧૫ જાન્યુ.૧૨ દરમ્યાન દાતા શ્રી મોતીલાલ દેવજી લોડાયા પરિવાર (મોટીખાવડી)ના સહયોગથી આરાધનાધામ, દ્વારકા પોરબંદર, બડેજ તીર્થ આદિ યાત્રા પ્રવાસે થયેલ.

### વડાલામાં પૂ. ગુરૂભગવંતોની પધરામણી

તા.૧૫-૧-૧૨ના સવારે પૂ.આ.શ્રી યુગભુષણસુરીશ્વરજી પંડીત મ.સા.આ.ઠા.૧૮ અને પૂ.સા. ચારૂનંદીતાશ્રીજી મ.સા.આ.ઠા.૧૪ના તારદેવથી વડાલા

પધારેલ. સંઘના ભાઈબહેનોએ શ્રી ચંદ્રપ્રભુશ્રીજી ગૃહજિનાલય પાસે વાજતે ગાજતે શાનદાર સામૈયું કરેલ. ત્યાંથી ચિનાર બિલ્ડીંગમાં પધારેલ મુનિસુવ્રતસ્વામી ગૃહજિનાલય શ્રી જવેરચંદ દેવજી દેઢીયાના ઘરે પગલા તેમજ દેવદર્શન કરેલ. તથા માંગલિક સંભળાવેલ. રૂા.૧૦ની પ્રભાવના થયેલ. બાદ ૧૬માળે પાર્શ્વનાથગૃહ જિનાલયની સ્થાપના કરવામાં આવેલ. નવું ગૃહજિનાલય શ્રી તારાચંદ વેરશી કારાણી (લાયજા)ના ઘરે સ્થાપવામાં આવેલ. ત્યાં રૂા.૧૦/-ની પ્રભાવના થયેલ. શ્રી સંભવનાથ જિનાલયે પધારતા સંઘના ભાઈબહેનોએ સમુહ દેવવંદન તથા ચૈત્યવંદન કરેલ. સવારના નવકારશીની વ્યવસ્થા શ્રી ઝવેરચંદ દેવજી દેઢીયા પરિવાર તરફથી હતી. બાદ ૯.૧૫ કલાકે પૂ.આચાર્ય ભગવંતના પ્રવચન સાથે પ્રશ્નોત્તરી ૨ કલાકે માટે રાખેલ જેમાં સંઘના ભાઈબેહેનોએ સવાલ જવાબ કરેલ પ્રવચન બાદ રૂા.૫ પ્રભાવના થયેલ. સાંજના પુજ્યોએ ઘાટકોપર તરફ વિહાર કરેલ.

## પૂ.આ.ગુણસાગરસુરીજી મ.સા.ની જન્મશતાબ્દી

પુ.આ.શ્રીના જન્મ શતાબ્દિ મહોત્સવ નિમિતે શ્રી અખિલભારત અચલગચ્છ સંઘ સ્તરે નીમાયેલ સમિતિમાં મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદા ટ્રસ્ટી પદે અને શ્રી ચેતન મોતા તથા કુમાર દંડ સમિતિ સભ્યપદે નીમાયા છે. આ ઉપરાંત સમિતિમાં સર્વશ્રી રાજેંદ્ર મણીલાલ ખોના, શામજી નરશી દંડ અને લક્ષ્મીચંદ ધારશી મોતાનો સમાવેશ છે. પૂજ્યશ્રીના જન્મશતાબ્દી નિમિતે થનારા ખર્ચને પહોંચી વળવા તથા મેડીકલ સહાયઅર્થે વિવિધ દાતા વ્યક્તિગત અને સંસ્થાકીય રીતે નોંધાશે. જેવા મુંબઈ જ્ઞાતિ મહાજન એક દાતા તરીકે નામ નોંધાવેલ છે.

## તિરૂપુર

અત્રે યુવક મંડળની વાર્ષિક મિટીંગ યોજાયેલ. બે વર્ષ માટે યુવક મંડળના મંત્રી તરીકે સુરજ રતિલાલ નાગડા ચુંટાઈ આવેલ છે. યુવક મંડળે અંતાક્ષરીનું સુંદર આયોજન કરેલ. ૧૫ ટીમોએ ભાગ લીધેલ. કોઈમ્બતુરથી નિર્ણાયકો પધારેલ. સાંજનાં સાઉથ ઈન્ડીયન જમણ હતું. બાદમાં અંતાક્ષરી હરીફાઈ ચાલુ થઈ હતી. સારી સંખ્યામાં લોકોએ હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવેલ. વિજેતા ટીમોને ઈનામ અપાયેલ. તા.૨૮-૧-૧૨ના મ્યુઝીકલ તંબોલા નાઈટનું સુંદર આયોજન કરેલ.

## શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયાને સમાજ સેવા એવોર્ડ

ગુજરાતમાં દર વર્ષે સમાજસેવાના વિવિધક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરતા સમાજસેવકોને અમદાવાદના આશિર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા પુરસ્કાર આપી અભિવાદન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૧-૧૨ માટે શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયાને સામાજિક સેવા માટે "ધરતીરત્ન"નો વિશિષ્ટ એવોર્ડ આપી અભિવાદન કરવામાં આવશે.

## શ્રી અજીત-શાંતિજિન પુનઃ પ્રતિષ્ઠાનો ઐતિહાસિક મહોત્સવ

ગરવા ગિરિરાજ શત્રુંજયપર શ્રી છિપા વસહીની નવટૂંકના હૃદય સમી શ્રી અજીત-શાંતિ દેરીની થનારી પુનઃ પ્રાણપ્રતિષ્ઠા- વિશેષ અનુષ્ઠાનો-વિધાનોથી ઉજવાશે. જે જૈન જગતમાં અદ્વિતીય હશે.

શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢીના ઉપક્રમે નવ નિર્મિત પ્રભાવિક શ્રી અજીત-શાંતિ દેરીમાં પુનઃ પ્રતિષ્ઠાનો ભવ્યાતિભવ્ય પ્રસંગ નવ દિવસીય મહામહોત્સવના રૂપે ઉજવાશે. જૈન શાસ્ત્રોમાં મળતા ઉલ્લેખ મુજબ પ્રાચીન કાળમાં આ બંને દેરીઓ સામસામે હતી પણ શ્રી નંદીષેણમુનિએ અજીત-શાંતિની સ્તવનાની આ પવિત્ર સ્થળે રચના કરી અને બંને દેરીઓ જે સામે સામે હતી તે આજુબાજુમાં આવી ગઈ.

શત્રુંજી નદીના તીરે તા.૧૯ થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૨માં યોજાનારા સદીઓને અજવાળતા આ અનુષ્ઠાનમાં છેલ્લા ચાર દિવસ અદ્ભુત પ્રસંગો યોજાશે. જેમાં પ્રથમ દિવસે દીક્ષાર્થીઓના દ્વારા વરસીદાન સહિત પ્રભુજીની રથયાત્રા નીકળશે. જેમાં ભારતના સુપ્રસિધ્ધ બેન્ડો સહિત અનેક રાજ્યોની અવનવી કલાકૃતિઓ આ વરઘોડાને શોભાવશે. જય તળેટીને વિશિષ્ટ રીતે શણગારવામાં આવશે. જેમાં કેરલાથી પંચવાદ્યો વગાડનારા વિશિષ્ટ કલાકારો દ્વારા દક્ષિણ ભારતમાંથી મંગાવવામાં આવેલ લક્ષણોપેટના અનેક ગજરાજો સાથે જયતળેટીએ મંગલ મહાઆરતીનું વિશિષ્ટ આયોજન કરવામાં આવશે.

તા.૨૫મીએ સવારે દેશના ટોચના ૧૦૮ સંગીતકારો આ મહાપ્રભાવિક અજીત-શાંતિની સ્તવના જુદા જુદા અનેકવિધ રાગોમાં છંદબધ્ધ રીતે લયથી ગાશે. ભારતભરમાંથી પધારેલા દીક્ષાર્થીઓનું તેજ દિવસે સાંજે ભક્તિસંધ્યા સાથે વિશિષ્ટ બહુમાન થશે.

તા.૨૬ના ૧૪ જેટલા મુમુક્ષુઓ જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરશે. પૂર્વાચાર્યો રચિત ૯૦ પ્રાચીન સ્તવનો દ્વારા સાંજે વિશિષ્ટ ભક્તિ કરવામાં આવશે. આ મહોત્સવના છેલ્લા દિવસે શ્રી નવટૂંકમાં શ્રી અજીત-શાંતિની દેરીમાં બંને પ્રાચીન ભગવાનની પ્રતિષ્ઠા થશે અને એ જ સમયે શ્રી ગિરિરાજ પર બિરાજમાન અને પેઢી દ્વારા મળેલ અનુમતિ અનુસાર સર્વે ભગવાનોના અઢાર અભિષેક થશે. સમગ્ર ગિરિરાજ ઉપર ૧૦૮ જગ્યા ઉપર ગિરિરાજના વિશિષ્ટ નામોના મંડપો બાંધવામાં આવશે. જે પ્રત્યેક મંડપની અંદર સમગ્ર ભારતમાંથી પધારેલા ભાગ્યશાળીઓ ૧૦૮-૧૦૮ની સંખ્યામાં સમગ્ર ગિરિરાજનો અભિષેક કરશે. ગિરિરાજની અનન્ય ધૂપપૂજા કરવામાં આવશે.

નવટુંકમાં શ્રી બૃહદ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવશે. ચડાવાનો લાભ લેનાર મૂળનાયકજી, શ્રી પુંડરિકસ્વામીજી,

શ્રી શાંતિનાથ પ્રભુ, શ્રી રાયણવૃક્ષ, શ્રી રાયણપગલા અને શ્રી જયતળેટીએ ૧૦૮ ઘડાથી પ્રભુજીનો અભિષેક કરવામાં આવશે.

તીર્થવાટીકાના વિશાળ પ્રાંગણમાં બંગાળથી પધારેલા ચુનંદા કારીગરો શ્રી નવટૂંકના જિનાલયોના અદ્ભુત શિલ્પોની તેમજ શ્રી જયતળેટીની બેનમૂન પ્રતિકૃતિઓની રચના કરશે. કર્ણાટકના તનકુ ગામમાંથી લાવેલા રંગબેરંગી અને અનુપમ પુષ્પોની વેલીઓ રચાશે. નવટૂંકના રચયિતાઓની આબેહૂબ પ્રતિકૃતિઓ કંડારવામાં આવશે અને તેમના વંશજોનું બહુમાન કરવામાં આવશે.

આ પ્રસંગે ભારતભરમાંથી મોટી સંખ્યામાં ભાવિકો પધારશે. જૈન જગતમાં આ મહોત્સવ એક યાદગાર સંભારણું બની રહેશે. આ ભવ્ય પ્રસંગનો લાભ જ્ઞાતિના મા. તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢ) એ લીધેલ છે. તેમના તરફથી સમસ્ત જ્ઞાતિને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. વધુમાં વધુ જ્ઞાતિજનો આ અદ્વિતીય પ્રસંગના સાક્ષી બનવાનો લહાવો લે એવી સર્વે જ્ઞાતિમહાજનો તરફથી અપીલ છે.

છેલ્લા ચાર દિવસ માટે મુંબઈ અને મહારાષ્ટ્રમાંથી તેમજ ભારતભરમાંથી વિશેષ વાહન વ્યવસ્થા કરાઈ છે.

આ પ્રસંગે વિવિધ ગચ્છ સંપ્રદાયના સેંકડો આચાર્યશ્રીઓ અને બહોળા પ્રમાણમાં સાધુ-સાધ્વીજીઓ નિશ્રા આપશે. એમ શ્રી હિતેશ મોતાએ જણાવ્યું હતું.

## શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ અને શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યાછાત્રાલય ઘાટકોપર

તા.૨૬-૧-૧૨ ગણતંત્ર દિને અનંતછાયા (ઘાટકોપર)માં વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ અનુજ ગિરીશ લોડાયા, જીત નીરિન લોડાયા, ઉત્તીન રાજેશ ધરમશી, ભાવિન અરૂણ નાગડા, પારસ લહેરચંદ નાગડા, સિધ્ધાર્થ ખોના, હેમાંગી લાલકા, કેયા નાગડા, ગીરા મૈશેરી, ધીરા નાગડા અને હીરલ કે. ખોના વગેરેએ સંસ્થાના પદાધિકારીઓ શ્રી મધુકાંત ખોના, શ્રીમતી દમયંતીબેન શાહ, શ્રી નરેશભાઈ મોમાયા, શ્રીમતી કાશ્મિરાબેન લુઠીયા અને શ્રીમતી વિમલાબેન ગોસરના માર્ગદર્શન હેઠળ એક સ્પોર્ટસ ઈવેન્ટ "ખેલ-૨૦૧૨"નું સફળતાપૂર્વક આયોજન કરેલ.

વિદ્યાર્થીગૃહના છાત્ર લિનેશ લોડાયા તથા કન્યાછાત્રાલયની વિદ્યાર્થીની ચિ. હિરલ મયુર ખોનાએ કાર્યક્રમનું સુત્રસંચાલન કરેલ. બનેએ મહાનુભાવો શ્રી શિવજીભાઈ વિકમશી, શ્રી ચાંપશીભાઈ શાહ, શ્રી મધુકાન્તભાઈ ખોના, શ્રી સમીરભાઈ નાગડા તથા શ્રીમતી વિમલાબેન ગોસરને સ્ટેજ પર આમંત્રીત કરી કાર્યક્રમની શરૂઆત કરેલ. પ્રારંભે પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા.નું માંગલિક અને આશિર્વચન તથા સરસ્વતી પૂજન કરાયેલ. વિદ્યાર્થીગૃહ તથા કન્યાછાત્રાલયની શૈક્ષણિક પ્રવૃત્તિઓની તેમણે સરાહના કરી. ૮.૩૦ કલાકે શ્રી શિવજીભાઈ વિકમશી તથા શ્રી ચાંપશીભાઈ શાહે ધ્વજવંદન કરાવેલ. આ પ્રસંગે શ્રી કિરીટભાઈ લાપસીયા, શ્રી હિરાચંદભાઈ દંડ, શ્રી મોતીચંદભાઈ ખોના, શ્રી રામજીભાઈ ખોના, શ્રી કલ્યાણજીભાઈ છેડા, શ્રી નરેશભાઈ મોમાયા, શ્રીમતી દમયંતીબેન શાહ, શ્રીમતી કાશ્મિરાબેન લુઠીયા, શ્રીમતી ધનબાઈ મોમાયા, ડો. કાંતિલાલ દંડ, મુંબઈ મહાજનશ્રીના માનદમંત્રી શ્રી ચેતનભાઈ મોતા, અરિહંત બેંકના ચેરમેન શ્રી કુમારભાઈ દંડ, શ્રી કલ્પેશભાઈ મોતા તેમજ અનંતછાયાના રહેવાસીઓ તથા અન્ય જ્ઞાતિજનોએ રાષ્ટ્રગીત સાથે ધ્વજને સલામી આપેલ. વિદ્યાર્થીગૃહના શાળા વિભાગના વિદ્યાર્થીઓએ બેંડ વગાડી ધ્વજને સલામી આપી દેશપ્રેમનું વાતાવરણ ઉભું કરેલ. વિદ્યાર્થીઓએ બેંડની વિવિધ ધુનો વગાડી ઉપસ્થિતોને વિદ્યાર્થીગૃહના જુના દિવસોની યાદ તાજી કરાવી. વિદ્યાર્થીઓએ બેંડની અલગ અલગ ધુનો પાછળ કરેલ મહેનતને સર્વેએ ખુબ બિરદાવેલ.

શ્રી શિવજીભાઈએ પ્રાસંગિકમાં કાર્યક્રમનું સુંદર રીતે આયોજન કરવા બદલ વિદ્યાર્થીઓની અનુમોદના કરેલ. વિદ્યાર્થીગૃહના નવા મકાનના બાંધકામની પ્રક્રિયા લગભગ પૂરી થયેલ છે તેમજ ટૂંક સમયમાંજ કામ શરૂ થશે.

હિરલ ખોના તથા લિનેશ લોડાયાએ ઉપસ્થિતોનો આભાર માની શ્રી નરેશભાઈને સ્ટેજ પર આમંત્રિત કરેલ. શ્રી નરેશભાઈએ વિદ્યાર્થીઓની જહેમતને વધાવેલ. શ્રી નરેશભાઈએ કાર્યક્રમ દરમ્યાનના નાસ્તા તથા ભોજનના મુખ્ય સ્પોન્સરર શ્રી ચાંપશીભાઈ શાહ-લોખંડવાલાનો તથા સ્પોર્ટ ઈવેન્ટસના ઈનોમાના સ્પોન્સરર શ્રી મોતીચંદભાઈ ખોના તથા શ્રી મધુકાંતભાઈ ખોનાનો આભાર વ્યક્ત કરેલ. શ્રી અનંતનાથ ટ્રસ્ટનો કાર્યક્રમ સ્થળ આપવા બદલ આભાર માનેલ. જી.વી.સી. સંઘ, અનંત સમર્પણ તથા અનંતછાયાનાં રહેવાસીઓ તથા સર્વે જ્ઞાતિજનોનો કાર્યક્રમ પ્રોત્સાહન અને સહયોગ આપવા બદલ આભાર વ્યક્ત કરેલ.

નાસ્તાપાણીને ન્યાય આપી શ્રી ચાંપશીભાઈ તથા શ્રીમતી દમયંતીબેને રીબન કાપી "ખેલ-૨૦૧૨"ની શુભ શરૂઆત કરેલ. સવારે ૧૦ થી સાંજે ૫ સુધી ચાલેલ કાર્યક્રમમાં રંગોળી, ચેસ, કેરમ, વન મિનીટ ગેમ, સેક રેસ, રનીંગ રેસ, શોટપુટ જેવી વિવિધ ગેમોમાં પાંચ વર્ષથી ૬૦ વર્ષના ૧૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિજેતાઓને વિદ્યાર્થીગૃહના લોગો સાથેની ટ્રોફી એનાયત થઈ હતી. પૂર્ણ દિવસ ચાલેલ કાર્યક્રમનો જ્ઞાતિજનોએ આનંદ લીધો.

વિદ્યાર્થી ભાવીન અરૂણ નાગડા તથા વિદ્યાર્થીની બ્રિંદા લોડાયાએ સંસ્થાના કારભાર બાબત તેમજ સંસ્થામાં મળતા સાત્વિક ભોજન અને અન્ય સગવડોને ઘરથી પણ વિશેષ ગણાવી તેના અધિકારીઓ, ગૃહમાતા અને ગૃહપતિની માતા-પિતા સાથે સરખાણી કરી. ઘરથી દૂર પણ ઘરની ઓછપ ન મહેસુસ થાય તેવા વિદ્યાર્થીગૃહમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક જ નહિ પણ સામાજીક, ધાર્મિક તથા અન્ય ક્ષેત્રોએ વિકાસ થાય છે તેમ જણાવી જ્ઞાતિછાત્રોને વધુમાં વધુ સંસ્થામાં રહી અભ્યાસ કરવાની અપીલ કરી હતી.

મહાજન પ્રમુખ શ્રી નયનભાઈ ભેદાએ વિદ્યાર્થીઓને કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવેલ.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**વીરેશ દામજી મોમાયા** અચલગચ્છ સોસાયટી, ૩૭ મહાવીર નગર, અંતરજાળ-આદીપુર-૩૭૦૨૦૫

**ઉતીન રાજેશ દરમશી** ૨૦૩, પુષ્પમાલા એપા, ૧૨૩, વિદ્યાનગર, ઇંદોર-૪૫૨૦૦૧

**વિમલેશ રજનીકાંત માલદે** ૩૦૩ બી, સનસાઈન એપા., રોડ નં.૧૨/૩, પટેલ કૉલની, રવિપાર્ક પાછળ, જામનગર-૩૬૧૦૦૨

**ચંદ્રેશ રામજી દંડ** સતીષ ભટનાગર મકાન, ૩૮ ઓશવાલ નગર, સુંદરવાસ, ઉદયપુર-૩૧૩૦૦૧ ફોન ૮૭૬૯૯૬૨૧૭૦

**કાંતિલાલ હીરજી લાપસીયા** પ્લોટ ૭, સુપ્રભાત, આદર્શનગર, જુની SBI કોલોની, જલગામ-૪૨૫૦૦૧

**મણીબેન મુલજી મોતા** ૩૬-એ, અચલગચ્છ જૈન સોસાયટી, મહાવીર નગર-૨, અંતરજાળ, આદિપુર-370205 9979331365

**મયુર ખીમજી લોડાયા** ૮૦૨/બી, એસ્ટ્રાલ, મહાવીર યુનીવર્સ, જૈન દેરાસર સામે, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-78. 32151917, 9320451917

**માણેકજી કાનજી મૈશેરી** એ.એમ. જૈન ઇસ્ટેટ, રૂમ નં.૭૦૨, ચાલ નં.૬, વ્હિલેજ રોડ, ભાંડુપ (વે), મુંબઈ-78. 9324981259

**મેહુલ બી. લોડાયા** ૨૩ ઓશવાલ બિલ્ડીંગ-૭, સ્વપ્ન સોસાયટી, માજીવાડે, પોખરણ રોડ-૨, થાણા (વે)-૪૦૦૬૦૧.

**નવીન ખીમજી નાગડા** નરતાવાળી શેરી, દેરાસરસામે, સોનગઢ. ફોન ૦૯૯૧૩૯૨૦૦૫૬

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

ચેતન મુલજી છેડા-ડોંબિવલી ૯૮૧૯૮૪૧૭૭૦

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૧-૧૨ | કોચીન | NLKN010503 | સંદીપ દિલીપ દેવશી ખોના | નલીયા | ૩૦ |
| | ડોંબિવલી | NLMT050703 | વિનાલી ચંદ્રકાંત માણેકજી મોતા | નલીયા | ૨૭ |
| ૨૮-૧-૧૨ | ડોંબિવલી | VKMA020503 | વિશાલ સોમચંદ માણેકજી લોડાયા | વાંકુ | ૨૯ |
| | ડોંબિવલી | RPNG011303 | પ્રિયા સોમચંદ વિશનજી નાગડા | રાપર | ૨૯ |
| ૨૮-૧-૧૨ | અમદાવાદ | ARKN010304 | અંકીત જીતેન્દ્ર દેવજી ખોના | આરીખાણા | ૨૬ |
| | મુલુંડ | ARLO040703 | મયુરી પ્રવિણ હંસરાજ લોડાયા | આરીખાણા | ૨૨ |
| ૨૮-૧-૧૨ | હુબલી | SIMO020404 | બિજોય નરેન્દ્ર મોમાયા | સાયરા | ૨૪ |
| | ગદગ | KUMT050603 | નિકિતા વિપીન મોતા | કુવાપધર | ૨૧ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮-૧-૧૨ | ડોંબિવલી | DALO040203 | ચન્દ્રેશ રાયચંદ લાલજી લોડાયા | દલતુંગી | ૩૮ |
| | કાલબાદેવી | A | મનીષા ચીમનલાલ હરીલાલ રાવલ | જુનાગઢ | ૨૮ |
| ૩૦-૧-૧૨ | મુલુંડ | JKHF020803 | પ્રણવ હંસકુમાર કલ્યાણજી હેફા | જખૌ | ૨૪ |
| | મુલુંડ | A | પૂર્વી ઈશ્વરલાલ રાયશી બૌઆ | નૂતનત્રંબૌ | ૨૪ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫-૧૨-૧૧ | વડોદરા | RYMO010704 | પ્રતિક રાજેશ કાંતિલાલ મોતા | રાયધણજર | ૨૪ |
| | ઇંદોર | LLLA030904 | જિનલ જયેશ પ્રેમજી લાલકા | લાલા | ૨૧ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫-૧-૧૨ | બોરીવલી | A | મહેશ સુંદર યેરવલ | મેંગ્લોર | ૨૯ |
| | વિલેપાર્લે | VRLO010403 | મનાલી વીરેન્દ્ર ખીમજી લોડાયા | વરાડીયા | ૨૭ |

### સગપણ છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧-૧-૧૨ | ડોંબિવલી | VRDA011604 | દર્શન વિજય દેવશી ડાઘા | વરાડીયા | ૨૫ |
| | હાલોલ | KRNG040406 | નેહા અજય પૂનમચંદ નાગડા | કોઠારા | ૨૧ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬-૧-૧૨ | મુલુંડ | SUDH020801 | ખેતશી કુંવરજી હીરજી ઘરમશી | સુથરી | ૭૫ |
| ૨૬-૧-૧૨ | ખામગામ | PRDD011501 | જવેરચંદ લખમશી ચાંપશી દંડ | પરજાઉ | ૭૭ |
| ૨૮-૧-૧૨ | ડોંબિવલી | DFDD010101 | મુરબાઈ મેઘજી કલ્યાણજી દંડ | ધ્રાફા | ૯૦ |
| ૩૦-૧-૧૨ | વાશી | SILO170301 | લક્ષ્મીબાઈ કુંવરજી રાઘવજી લોડાયા | સાંયરા | ૯૮ |

## આપના શુભ પ્રસંગો માટે
## મુંબઈ શહેરની મધ્યમાં અદ્યતન સુવિધાજનક હોલ

# લોકમાન્ય બેંક્વેટ હોલ




**AC / Non AC બેંક્વેટ હોલ**
**લોકમાન્ય ક્લબ હાઉસ,**
**પાન બજાર,**
**સાયન, મુંબઈ-૪૦૦૦૨૨.**








- **CAPACITY : 800 - 1000 persons**
- **Decorator Fixed**
- **Catering No Monopoly**
- **100 Car Parking**
- **Pure Vegetarian Only**

# LOKMANYA BANQUET HALL

**Off. Eastern Express Highway, Next to Somaiya Hospital,**
**Near Phoenix Hyundai, Pan Bazar, Sion, Mumbai-400022.**
**Tel.: 98201 49257, 98200 17416, 98690 19451**

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Saturday / Monday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# સાંયરા વિકાસ મંડળ યોજીત ૧૫મા સ્નેહમિલનની ઝલક...



શ્રી નયન ભેદા સાથે સૌ. રાજુલ અને ભદ્રેશ પટેલ



શ્રી શાંતિલાલભાઈ લોડાયા દ્વારા બહુમાન



મુંબઈ મહાજન ટીમ દ્વારા ભદ્રેશ પટેલને વધાઈ



અતિથી વિશેષ શ્રી નયન ભેદાનું સંબોધન



શપથવિધી પત્રપર સહી કરતા શ્રી ભદ્રેશ પટેલ



સાંયરા વિકાસ મંડળની નવનિર્વાચીત સેનેટનો શપથવિધી



સાંયરા વિકાસ મંડળની નવી સેનેટનો શપથવિધિ



શ્રીમતી એકતા અને નયનભેદાને પુષ્પગુચ્છ આપતા પટેલ



મુંબઈ મહાજનના માનદમંત્રી શ્રી ચેતન મોતાનું અભિવાદન




www.saera.in વેબસાઈટનું વિમોચન



મધુકરભાઈ અને લીલાબેન શાહનું ત્રિરંગી ફુલોથી અભિવાદન



શ્રી વિનોદ મોમાયા દ્વારા મધુકરભાઈનું અભિવાદન



સ્મૃતિચિન્હ અર્પણ કરતા સૌ. રાજુલ અને ભદ્રેશ પટેલ



કાર્યક્રમ સંચાલન કુ. પૌલમી ભદ્રેશ પટેલ અને મૃણાલ ખોના



મ્યુઝીકલ હાઉસી કાર્યક્રમ આપતા આશા ભીમાણી એન્ડ પાર્ટી

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**